1. કુદરતી પ્રકોપને બીજા કયા નામથી ઓળખી શકાય છે?

- કુદરતી પ્રકોપને કુદરતી ઘટનાના નામથી ઓળખી શકાય છે.

2. પૃથ્વી પર થતાં પરિવર્તનો માટે કયાં પરિબળો જવાબદાર છે?

- જ્વાળામુખી પ્રસ્ફોટૅન, ભૂકંપ, દુષ્કાળ, પૂર, ચક્રવાત, ભૂખલન વગેરે કુદરતી ઘટનાઓ પૃથ્વી પર થતાં પરિવર્તનો માટે જવાબદાર પરિબળો છે.

3. કયો દેશ પ્રકોપોની અસરને નિયંત્રિત કરવામાં સફળ થયા છે?

- ટેકનિકલ વિકાસ સાધી ચૂકેલા દેશો પ્રકોપોની અસરને નિયંત્રિત કરવામાં સફળ થયા છે.

4. પ્રકોપોને કેટલા ભાગમાં વર્ગીકૃત કરી શકાય?

- પ્રકોપોને છ ભાગમાં વર્ગીકૃત કરી શકાય.

5. જૈવિક પ્રકોપનાં બે ઉદાહરલ્સ આપો.

- પ્લેગ અને ઈબોલા રોંગો વિક પ્રકોપનાં ઉદાહરણ છે.

6. ભુ-ભૌતિકીય પ્રકોપનાં બે ઉદાહરણ આપો.

- ભૂકંપ, ભસ્મલન, વાળામુખી પ્રસ્ફોટન ભૂ-ભૌતિકીપ પ્રકોપનાં ઉદાહરણ છે.

7.સંભવિતતા અને તીવ્રતા અથવા જોખમને આધારે ભારતમાં કેટલાં ભૂકંપ ક્ષેત્રો પાડવામાં આવ્યાં છે?

- સંભવિતતા અને તીવ્રતા અથવા જોખમને આધારે ભારતમાં પાંચ ભૂકપક્ષેત્રો (જીૌજદ્વૈષ્ઠ ઢ્હી) પાડવામાં આવ્યા છે.

8. માનવપ્રેરિત પ્રકોપો કયા કયા છે?

- ઔદ્યોગિક દુર્ઘટનાઓ , અણુવિસ્ફોટો, યુદ્ધો, યુદ્ધમાં વપરાતા અણુ તથા રાસાયણિક શસ્ત્રો વગેરે માનવપ્રેરિત પ્રકોપો છે.

9. કુદરતી પ્રકોપોનું મુખ્ય મરત્ર કયું ગણાય છે?

- કુદરતી પ્રક્રિયામાં માનવીની દખલગીરી'ને કુદરતી પ્રકોપોનું મુખ્ય કારણ ગણાય છે.

10. 26 જાન્યુઆરી 200ામાં આારંલા ભ કયે ક્યા રાજયમાં ભારે તારાજી સર્જી હતી?

- 26 જાન્યુઆરી, 2001માં આવેલા ભૂકંપે ગુજરાત પશ્ચિમાં ભારે તારાજી સર્જી હતી.

11. ભારતનો ચક્રવાતીય સંવેદનશીલ વિસ્તાર કયો?

- ભારતનો પૂર્વ કિનારો ચક્રવાતીય સંવેદનશીલ વિસ્તાર છે.

12. કુદરતી પ્રકોપથી રાહત મળે તે માટે સરકારે કઈ ટીમ તૈયાર કરી છે ?

- કુદરતી પ્રકોપથી રાહત મળે તે માટે સરકારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ તૈયાર કરી છે.